# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૪/૦૩/૨૦૨૫ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૮૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૨૫૮૦ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ મીની અશોક લે–લેન્ડ ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૪,૪૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૮૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૩૮૯/૨૦૨૫**

**દરીયાપુરઃ** મોહમંદકુજેલ મોહમદસાદીક શેખ (ઉ.વ.૨૮) (રહે. નાને અલીની પોળ સામે રોયલ ફ્લેટ પાસે ડબગરવાડ દરીયાપુર) એ તા.૨૩/૦૩/૨૦૨૫ ના દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન દરીયાપુર રોયલ ફ્લેટની નીચે દુકાન નંબર–૫ અને ૭ ખાતે આરોપી ઇકબાલહુસેન અબ્દુલરહીમ શેખ (રહે. બીજો માળ શીફા હોસ્પીટલ બીલ્ડીંગ જમાલપુર) એ મોહમંદકુજેલ શેખ અને તેમના પરીવારના પાંચ સભ્યો મળી કુલ છ વ્યક્તીઓને હજમાં લઇ જવા માટે વિશ્વાસ અને ભરોષો આપી કુલ રૂપિયા ૩૮,૧૫,૩૩૦/– મેળવી લઈ હજમાં નહી લઇ જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૩૯૦/૨૦૨૫**

**પાલડીઃ** રાજેશભાઇ સ/ઓ ગોરધનભાઇ પટેલ (રહે. ઝવેરી પાર્ક સોસાયટી અશોકનગર સોસાયટી સામે પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૩/૨૦૨૫ કલાક ૦૦/૩૦ થી સવારના ૭/૧૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી લાકડાના વોર્ડરોબના લોકરમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧૪,૭૦,૬૦૦/– તથા રોકડ રૂપિયા ૧,૨૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૫,૯૫,૬૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એસ.પરમાર ચલાવે છે.

**મંદિરમાંથી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૯૧/૨૦૨૫**

**ઈસનપુરઃ** નવનીતભાઈ વનમાળીદાસ ઠક્કર (રહે. જલારામ કુટીર હઠીલા હનુમાન દાદાની ટેકરી રામવાડી ટેકરો ઈસનપુર) એ તા.૨૩/૦૩/૨૦૨૫ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૩/૨૦૨૫ બપોરના ૧/૦૦ થી ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રામવાડી ટેકરા ખાતે આવેલ જલારામ કુટીર હઠીલા હનુમાન દાદાની ટેકરી મહાકાળી માતાના મંદિરના મઢમાંથી તાંબા-પિત્તળની વસ્તુઓ, પંચધાતુના ઝાલર તેમજ મંદિરની દાનપેટીમાંથી આશરે રોકડ રૂપિયા ૩૫૦૦/- મળી કુલ રૂપિયા ૧૧,૮૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.આર.સોલંકી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૯૨/૨૦૨૫**

**ચાંદખેડાઃ** શ્રીધર જયરામ (રહે. હિમાલયા ઝીર્કોન ફોર-ડી મોલ વિસત ગાંધીનગર હાઈ-વે ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૩/૨૦૨૫ સવારના ૭/૨૦ વાગ્યા પહેલા ભુમી ક્રીકેટ એકેડેમી. ટી.પી ૪૪ ચાંદખેડા પાસે ગોડાઉન ખાતેથી પાવર કેબલ તથા કંટ્રોલ કેબલના કિમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી શરદકુમાર વિનોદ ચલાવે છે.

**ચાંદખેડાઃ** જયસુખભાઈ નકુભાઈ વઘાસીયા (રહે. પ્રાગટય રેસીડેન્સી સારથી બંગ્લોઝની બાજુમાં બોપલ) એ તા.૨૩/૦૩/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૩/૨૦૨૫ રાત્રીના ૮/૩૦ થી ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ચાંદખેડા માનસરોવર રોડ સ્કાયલિફ નામની નવી બનતી સાઈટ ખાતે પાર્ક કરેલ પોતાના એક્ટીવાની ડેકી ખોલી અજાણી વ્યક્તિ ડેકીમાંથી રોકડ રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એલ.એસ.પરમાર ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૯૩/૨૦૨૫**

**ગાયકવાડ હવેલીઃ** તા.૨૨/૦૩/૨૦૨૫ ના રોજ બંસીલાલ પૈડાવાળા ખાટકીવાડ ખમાસા જમાલપુર ઘર નંબર-૪૪૩૭ ખાતે કોઇ કારણસર ઘરમાં ઇલેકટીક શોર્ટ-સર્કીટ થતા આગ લાગતા (૧) કૌશરબેન ડો/ઓ અબદુલકરીમ કુરેશી (ઉ.વ.૩૯) તથા (૨) ફાતીમાબાનુ અબદુલકરીમ કુરેશી (ઉ.વ.૮૨) બન્ને દાઝી જતા સારવાર માટે એસ.વી.હોસ્પીટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન બન્નેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાયમલભાઈ લક્ષ્મણભાઈ ચલાવે છે.

**ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૯૪/૨૦૨૫**

**રામોલઃ** મુન્નાભાઈ ખોખનભાઈ શેખ (ઉ.વ.૩૬) (રહે.ચંડોળા તળાવનાં છાપરાં "આઇ "વોર્ડ શાહઆલમ રોડ દાણીલીમડા) કચરો વીણવાનુ મજુરી કામ કરતા હોય તા.૨૩/૦૩/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે રામોલ ગામ પુષ્પ હાઇટસ સામે તળાવમાં ઉતરી પેન્ટ ઉપર લાગેલ ગારો(ગંદું) સાફ કરવા ઉતરેલ અને પાણીમાં ડુબકી લગાવતા તળાવના પાણીમાં ડુબી જતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જેરામભાઈ વાલજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી